ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૭/૪૪૪૩૭૪/બ-૧,
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૬/૦૪/૨૦૧૯.

પ્રતિ,
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
જિ.

વિષય – મહિલા અને બાળ વિકાસ હેઠળ ફરજ બજાવતાં બાળ વિકાસ યોજના અધિકારી / મુખ્ય સેવિકાને નવ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે આ સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરીનો તા.૨૨/૦૩/૨૦૧૯ના પત્ર ક્રમાંક:દ્વિતિય /પી.વી.યુ./ફા.નં.૧૪/ ૨૦૧૯/૧૧૦ મોકલી આપતાં જણાવવાનું કે, પત્રમાંની વિગતોએ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૭ અને તા.૨૨/૦૧/૨૦૧૮ના ઠરાવ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) અગાઉ રુ.૩૫૦૦-૧૦૫૦૦/ના પગાર ધોરણમાં મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રદ કરી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રીવાઇઝડ કરવાની તથા નિયમ વિરુધ્ધ ROP-2009/ROP-2016ની પગાર બાંધણી થયેલ હોય તો ROP-2009/ROP-2016ની પગાર બાંધણી રદ કરવાની રહેશે.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ઉચ્ચતર પગાર ધોરણ મંજુરી આદેશ તથા સેવાપોથીમાં કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તેના સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) જે હુકમો મહિલા અને બાળ વિકાસ વિભાગે રદ કે રીવાઇઝ કરવાના થતાં હોય તેની સ્પષ્ટ દરખાસ્ત કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી મારફત મહિલા અને બાળ વિકાસ વિભાગને કરવાની રહેશે.

આપની વિશ્વાસુ,

A Rchristian

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ – ઉપર મુજબ

**<u>નકલ રવાના</u>** - -સંયુકત નિયામકશ્રી,હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,વિમા અને લેખા ભવન,બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર. ૩૮૨૦૧૦.આપના તા.૨૨/03/૨૦૧૯નો પત્ર ક્રમાંક: દ્વિતિય/ પી.વી.યુ./ફ્ા.નં.૧૪/ ૨૦૧૯/૧૧૦ અન્વયે જાણ સારું.

-નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર. આ સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરીનો તા.૨૨/03/૨૦૧૯નો પત્ર ક્રમાંક: દ્વિતિય/પી વી.યુ./ફ્ા.નં.૧૪/ ૨૦૧૯/૧૧૦ મોકલી આપતાં જણાવવાનું કે પત્રમાંની વિગતોએ આપની કક્ષાએથી તાત્કાલિક સુચના આપવા વિનંતી છે.

૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૨૨૨૮ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૨૨૨૮ (હિસાબી અધિકારી)
૨૩૨૫૫૮૬૪ (પી.વી.યુ. બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૫૦

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-ao2pvu-dat-gnr@gujarat.gov.in

નં. હિતિનિ/PVU/ફા.નં.૧૪/૨૦૧૯/ ૬૬૦ તા. ૨૨/03/૨૦૧૯

મહિલા અને બાળ વિકાસ વિભાગ
26 MAR 2019
18192

પ્રતિ,

કમિશનરશ્રી,

મહિલા અને બાળ વિકાસની કચેરી,

બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

**વિષય:** મહિલા અને બાળ વિકાસ હેઠળ ફરજ બજાવતા મુખ્ય સેવિકા વર્ગ-૩ને નવ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

**સંદર્ભ:** (૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૪-૦૮-૧૭ના ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૨-૦૧-૧૮ના સુધારા ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ.

મહાશય,

ઉપરોક્ત વિષયે મહિલા અને બાળ વિકાસ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી મુખ્ય સેવિકા વર્ગ-૩,ના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત થયેલ છે તથા મુખ્ય સેવિકા વર્ગ-૩,ના કિસ્સામાં નિયમોની જોગવાઈ મુજબ બઢતીની જગ્યાનું નહિ, પરંતુ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાના ઠરાવ સાથેની અનુસૂચિ-૧ મુજબ તા.૧-૦૧-૮૬,થી ચોથા પગારપંચ મુજબ મુખ્ય સેવિકા વર્ગ-૩,ના પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦/- સામે અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦/-નું તથા તા.૧-૦૧-૯૬,થી પાંચમા પગારપંચ મુજબ રૂ.૪૫૦૦-૭૦૦૦/-સામે અનુસૂચિ-૧ મુજબ રૂ.૫૦૦૦-૮૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવી જોગવાઈ થયેલ છે.

વિભાગ દ્વારા ઉપરોક્ત જોગવાઈ થયા પહેલાં વિભાગના અલગ-અલગ આદેશથી મુખ્ય સેવિકા વર્ગ-૩,ને રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ છે. જેની પગાર બાંધણી ચકાસણી પણ એલ.એફ. કચેરી દ્વારા થયેલ છે. હવે ઉપરોક્ત જોગવાઈ મુજબ મુખ્ય સેવિકાના કેસમાં રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં અગાઉ

મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રદ કરવાનું થાય, તેમ છતાં રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણનો પગાર ધ્યાને લઈ જિલ્લા કચેરી દ્વારા આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી ચકાસણી અર્થે ઓનલાઈન કેસ આ કચેરી ખાતે રજુ કરવામાં આવે છે. જેથી વધુ ચુકવાયેલ પગાર-ભથ્થાંની વસુલાતના પ્રશ્નો ઉભા થયેલ છે. વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવ મુજબ અગાઉ રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રદ કરી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઈઝ કરવાની તથા નિયમ વિરૂધ્ધ આર.ઓ.પી.-૨૦૦૯/આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી થયેલ હોય તો આર.ઓ.પી.-૨૦૦૯/આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી રદ કરવાની સૂચના આપની તાબાની કચેરીને પાઠવવા વિનંતી છે

૨. વિભાગના તા.૧૪-૦૮-૧૭ના ઠરાવની સૂચના નં.(૧) તથા (૨)થી તા.૧૪-૦૧-૯૩ પહેલા પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમજ તા.૧૪-૦૧-૯૩ બાદ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોય તે કેસમાં ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમ જણાવેલ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરી આદેશમાં કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તે જણાવેલ હોતું નથી તથા સેવાપોથી નોંધમાં પણ કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તે અંગેની નોંધ થયેલ હોતી નથી. જેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરી આદેશ/સેવાપોથી નોંધમાં કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની સૂચના આપની તાબાની કચેરીને પાઠવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સંયુક્ત નિયામક

નકલ સવિનય રવાના પ્રતિ,

(૧) ઉપસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ-શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, બ્લોક નં.૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) હિસાબી અધિકારીશ્રી/કર્મચારીશ્રી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ.